# NAVSARI MUNICIPAL CORPORATION

# નવસારી મહાનગરપાલિકા

## નવસારી મહાનગરપાલિકા વિસ્તારમાં

## હોર્ડીંગ નિયંત્રણ માટેની પોલીસી

## (A)

**નવસારી શહેરમાં રસ્તાઓને લાગુ આવેલ મિલ્કતો પર હોર્ડિંગ્સ લગાડવાનો વ્યાપ વધતો જતો હોય, તેને નિયંત્રીત કરવા વધુ પડતા હોર્ડિંગ્સને કારણે Visual Pollution ની પરિસ્થિતિ સર્જાતી હોય, જેના નિવારણ માટે હોર્ડિંગ્સ ડેન્સીટી નિયંત્રીત કરવી યોગ્ય જણાય છે જે અન્વયે નવા હોર્ડિંગ્સની સંખ્યા તથા સાઈઝના નિયંત્રણ માટે નીચે મુજબની નિતી અપનાવવી.**

1. ગ્રાઉન્ડ લેવલે-:

| અ.નં. | રસ્તાની પહોળાઈ મીટરમાં | પ્લોટ નું રોડ સાઈડ ફ્રન્ટેજ (રનીંગ મીટરમાં) | | | | મહત્તમ સાઈઝ મીટરમાં |
|---|---|---|---|---|---|---|
| | | | ૨૫ ૦૦. મી. થી ઓછુ | ૨૫ ૦૦. મી. થી ૫૦ ૦૦. મી. સુધી | ૫૦મી ૦૦.. થી વધારાના દરેક ૨૫મી ૦૦.. માટે | |
| ૧ | ૧૮મી ૦૦.. તથા વધુ | બોર્ડ ની સંખ્યા | ૦૧ | ૦૨ | ૦૧ | ૩ ૬ચો ૦૦..મી .ક્ષેત્રફળની મર્યાદામાં હોર્ડિંગ્સની મહત્તમ ઉંચાઈ ૬મી ૦૦.. થી વધુ ન હોય તે મુજબ |
| ૨ | ૧૮મી ૦૦.. થી ઓછો | | ૦૦ | ૦૧ | ૦૧ | |

**નોંધ -:**

૧. ગામતળ વિસ્તારમાં ૧૦ મીટર થી ઓછી પહોળાઈના રસ્તા પર ગ્રાઉન્ડ લેવલે ૦.હોર્ડિંગ્સની પરવાનગી આપી શકાશે નહીં.

૨૫ ગામતળમાં પ્લોટનું ફ્રન્ટેજ ..૦ મીટર થી ઓછુ હોય અને તે સિવાય અન્ય વિસ્તારમાં પ્લોટનું ફ્રન્ટેજ ૯મીટર થી ઓછુ હોય ૦., તે જમીન મિલ્કતમાં ગ્રાઉન્ડ લેવલે /હોર્ડિંગ્સની પરવાનગી આપી શકાશે નહી.

૩૩ ગ્રાઉન્ડ લેવલથી બોર્ડની નીચેની ધાર ઓછામાં ઓછી ..૦ મીટર તથા વધુમાં વધુ ૪મીટર રાખી ૦. શકાશે.

2. **જાહેર રસ્તા ઉપર બેનર/હોર્ડીંગસ :-**

| રોડની પહોળાઇ (મીટર) | ન્યુનત્તમ ગ્રાઉન્ડ ક્લીયરન્સ (મીટર) | હોર્ડીંગનું માન્ય સાઇઝ (પહોળાઈxઊંચાઈ) (મીટરxમીટર) |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| ૬૦ સુધી | ૩.૦ | ૯.૦ મી X ૪.૫ મી |
| ૬૦ થી વધુ | ૩.૦ | ૧૨.૦ મી X ૬.૦ મી |

3. **માર્જિનની જગ્યામાં હોર્ડીંગ/બેનર :-**

| સ્થળ | રોડની પહોળાઇ (મીટર) | મહતમ હોર્ડિંગ્સ સાઇઝ (પહોળાઈxઊંચાઈ) (મીટરxમીટર) | ન્યુનત્તમ રોડ સાઇડ માર્જિન | ન્યુનત્તમ ગ્રાઉન્ડ ક્લીયરન્સ | મહત્તમ ઊંચાઈ (મીટર) |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| માર્જિનની ખુલ્લી જગ્યા | ૬૦ સુધી | ૯.૦x૪.૫ | ૦.૬ | ૩.૦ | ૧૬.૫ |
| | ૬૦ થી વધુ | ૧૨.૦x૬.૦ | ૧.૫ | ૩.૦ | ૧૬.૫ |

4. **ટેરેસ/ધાબાની ઉપર હોર્ડીંગ/બેનર :-**

| સ્થળ | રોડની પહોળાઇ (મીટર) | મહત્તમ હોર્ડિંગ્સ સાઇઝ (પહોળાઈxઊંચાઈ) (મીટરxમીટર) | મહત્તમ હોર્ડીંગની સંખ્યા | મહત્તમ માર્જિન (મીટર) | | ટેરેસની ઉપર મહત્તમ ઊંચાઈ ૯ (મીટર) |
|---|---|---|---|---|---|---|
| | | | | રોડ સાઇડ | બે બોર્ડની વચેની જગ્યા | |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| ટેરેસ/ઢાબાની ઉપર | ૬૦ સુધી | ૧૨.૦ x ૬.૦ | ૨ ( અલગ – અલગ દિશા તરફ) | ૧.૫ મીટર પેરાપેટ | ૧.૫ | ૭.૫ |
| | ૬૦ થી વધુ | ૧૮.૦x૯.૦ | | | | ૧૦.૫ |

- ગ્રાઉન્ડ લેવલ સિવાય ધાબામાં સ્થળ સ્થિતિને ધ્યાને લઈ ૫૦ ચોક્ષેત્રફળ સુધીના .મી. ટેરેસમાં મહત્તમ ૧ (એક)હોર્ડિંગ્સ અને ૫૦ ચોર કરતા વધારે ક્ષેત્રફળના ટેરેસમાં મહત્તમ .મી.(બે ( હોર્ડિંગની પરવાનગી આપી શકાશે .હોર્ડિંગ્સની મહત્તમ સાઈઝ ૧૨ મીટર ૦.x ૬મીટર રહેશે ૦..
- ધાબામાં મુકવાના બોર્ડની નીચેની ધાર ધાબાથી વધુમાં વધુ ૩મીટર રાખી શકાશે ૦..

5. **દિવાલ પર -: બીલ્ડીંગ રેપ / વોલ સાઈન /**

   ૧. બીલ્ડીંગોની દિવાલ પર લગાડવામાં આવતા બોર્ડ તથા વિનાઈલ કલર કરેલ કાપડના/બેનર/ બીલ્ડીંગ રેપ ધ્વારા કરવામાં આવતી / વોલ સાઈન / પ્રદર્શિત કરવામાં આવતા બોર્ડ .જાહેરાતો માટે પણ ઉપરોકત નિયમો લાગુ પડશે

**હોર્ડિંગ્સનું સ્ટ્રકચર -:**

૧. એક સ્ટ્રકચર પર એક જ બોર્ડ મુકી શકાશે.

૨. ગ્રાઉન્ડ લેવલે નવા દરેક હોર્ડિંગ્સ યુનીપોલ ઉપર જ ઉભા કરવાના રહેશે.

૩. એક જ સ્ટ્રકચર યુનીપોલ પર બંને બાજુએથી જાહેરાત પ્રદર્શિત કરવામાં આવે તો /જાહેરાત ફી બમણી ભરવાની રહેશે.

**નોંધ -: ગુજરાત સંકલિત સામાન્ય વિકાસ નિયંત્રણ વિનિયમો ૨૦૧૭, ભાગ-૨, પ્ર-૧૧ ( એડવર્ટસ ડિસ્પ્લે એન્ડ કોમ્યુનિકેશન ઇન્ફ્રાસ્ટ્રકચર મુજબના નિયત્રંણને પ્રાથમિકતા આપવી.**

## (B)

## નવસારી મહાનગરપાલિકા વિસ્તારમાં ખાનગી માલિકીની જમીન મિલ્કતો પર / .કાર્યપધ્ધતિ/પરવાનગી અંગેની સામાન્ય શરતો જાહેરાતના બોર્ડની

1. ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ હેઠળ મંજુર ૧૯૭૬-નુડાના પુનરાવર્તિત વિકાસ નકશાના જનરલ ડેવલપમેન્ટ કંન્ટ્રોલ રેગ્યુલેશન્સ તથા ધી બી ની ૧૯૪૯ સી એકટ.એમ.પી. ની જોગવાઈઓ તથા ૨૪૫-કલમનવસારી મહાનગરપાલિકા ધ્વારા વખતો વખત લાગુ કરવામાં આવે તેવા નિયમો અરજદાર.એજન્સીને બંધનકર્તા રહેશે/
2. ખાનગી જગ્યા મિલ્કતમાં જાહેરાતના બોર્ડ મુકવા માટે એક માસ અગાઉથી નિયત ફોર્મમાં સંપૂર્ણ/ માહિતી સાથે અરજી કરવાની રહેશે.
3. અરજી મળ્યેથી ખાતાએ અરજી મળ્યાના ત્રીસ દિવસમાં અરજીનો નિકાલ.પ્રત્યુતર કરવાનો રહેશે/
4. આ પરવાનો જાહેરાત ફીના ધોરણે જે તે નાંણાકીય વર્ષની ૩૧મી માર્ચ સુધીના સમય માટે આપવાનો રહેશે.
5. જાહેરાત ફીની રકમ ૧લી એપ્રિલ થી ૩૦મી જુન, ૧લી જુલાઈ થી ૩૦મી સપ્ટેમ્બર, ૧લી ઓક્ટોબર થી ૩૧ મી ડિસેમ્બર અને ૧લી જાન્યુઆરીથી ૩૧મી માર્ચ એમ કુલ ચાર ત્રિમાસીક હપ્તામાં વસુલ લેવામાં આવશેજે માસમાં પરવાનગી આપવામાં આવશે તેની પ્રથમ . તારીખથી ત્રિમાસીક હપ્તાના અંત સુધીના સમયની જાહેરાત ફી ભરવાની રહેશે (૨૦)ત્રીમાસીક હપ્તા શરૂ થયેથી વીસ . દિવસમાં જાહેરાત ફીના નાણાં ભરી દેવાના રહેશે તેમ કરવામાં ચુક થશે તો નિયમ મુજબની .જાહેરાત ફી ઉપરાંત જાહેરાત ફી ની રકમના વાર્ષિક ૧૮ લેખે વિલંબીત ચાર્જની રકમ (અઢાર ટકા) %
6. જાહેરાત ફીની ભરેલ રકમ કોઈપણ સંજોગોમાં પરત માંગી શકાશે નહી.
7. જાહેરાત બોર્ડ ઉપર જે તે એજન્સીએ તેમની પેઢીનું નામ તથા મ્યુ કોર્પોરેશનની મંજુરી મુજબ ભરેલ. જાહેરાત ફીની પહોંચ નંબર તથા તારીખ સ્પષ્ટ વાંચી શકાય તે રીતે દર્શાવવાના રહેશે આ શરતનો . ભંગ થયેલ હોવાનું જણાય તો દરેકહોર્ડિંગ્સ દીઠ પ્રથમવાર રૂા-/૧૦૦ ., બીજીવાર રૂા તથા -/૨૦૦. તેમ છતાં જો અમલ ન કરવામાં આવે તો .લેખે ચાર્જ વસુલ કરવાનો રહેશે -/૩૦૦ .ત્રીજી વાર રૂા જે તેહોર્ડિંગ્સની પરવાનગી રદ કરી સ્થળ પરથી હોર્ડિંગ્સ દુર કરાવવાનું રહેશે.

8. નિયત સમયમાં જાહેરાત ફી ભરેલ નહી હોય તેવા બોર્ડ બિનપરવાનગીના ગણવામાં આવશે અને મ્યુ કોર્પોરેશન કોઈપણ જાતની નોટીસ આપ્યા સિવાય તેવા બોર્ડ દુર કરવાને હકકદાર રહેશે અને. પરંતુ નિયમબધ્ધ ન થઈ શકે તેવા .એજન્સી કોઈ વાંધો લઈ શકશે નહી /તે બાબતમાં અરજદાર કેસમાં સદરહોર્ડિંગ્સ દુર કરવાનું રહેશે વર્ષ ની ૧ તદઉપરાંત હોર્ડીંગ મુકનાર પાસેથી .જાહેરાત ફી જેટલી રકમ વસુલ કરવાની રહેશે અને ન ભરપાઈ કરવામાં આવે તો કાયદેસરના પગલાં લેવાના રહેશે અને આ મુજબ .નવસારી મહાનગરપાલિકાના જાહેર રસ્તા જાહેર મિલ્કતોમાં બીન/ પરવાનગીથી મુકેલાહોર્ડિંગ્સ માટે પણ આ નિયમ લાગુ પડશે.
9. પરવાનગી મેળવતા પહેલા સ્થળપર ઉભા કરવામાં આવેલ હોર્ડિંગ્સ જો નિયમબધ્ધ થઈ શકે તેવા હોય તો તેવા હોર્ડિંગ્સની અરજી પ્રક્રિયા કરીને નિયમબધ્ધ કરવા માટે નિયત/જાહેરાત ફી ઉપરાંત પ્રિમીયમ પેટે એક વર્ષની જાહેરાત ફીની રકમ જેટલી જ વધારાની રકમ ભરપાઈ કરવાની રહેશે .
10. હોર્ડિંગ્સની પરવાનગી આપતી વખતે ત્રણ મહિનાની જાહેરાત ફીની રકમ સીકયોરીટી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે.
11. રીન્યુઅલ તેમજ કરાર સમય દરમ્યાન જો માલિકી બદલાતી હોય તો બદલાયેલી માલિકીના પુરાવા રજુ કરવા તેમજ અરજી સાથે નવા માલિકની સંમતિ.બાંહેધરી આપવાની રહેશે/
12. આ પરવાનો અરજદારના ખર્ચે અને જોખમે આપવામાં આવશે આ જાહેરાતના બોર્ડ કે સ્ટ્રકચરથી . કોઈ વ્યકિત, મિલકત કે જાનમાલને નુકશાન થશે તો તે અંગેની સઘળી જવાબદારી અરજદારની રહેશે.
13. હયાત મિલ્કત ઉપર જાહેરાતના બોર્ડ મુકવા માટેના સ્ટ્રકચરની સ્ટ્રકચરલ ડિઝાઈન પ્લાન તથા / મકાનની સ્ટેબીલીટી અંગેનું સ્ટ્રકચરલ સ્ટેબીલીટી સર્ટિફીકેટ, નવસારી મહાનગરપાલિકા અથવા નુડા કચેરી અથવા માન્ય સરકારી અથવા અર્ધસરકારી વિભાગ સંસ્થાઓના માન્ય /ખાતા /જાહેરાત ધરાવનાર સ્ટ્રકચરલ ડિઝાઈનર મારફત રજુ કરવાના રહેશે.

    દરેક હોર્ડિંગ્સ માટે સ્ટ્રકચરલ ડીઝાઈનરનું સ્ટ્રકચરલ સ્ટેબીલીટી સર્ટિફીકેટ તે (દર બે વર્ષે) હોર્ડિંગ્સની પરવાનગી રીન્યુ કરવાના સમયે અરજી સાથે, નાંણાકીય વર્ષની શરૂઆતમાં રજુ કરવાનું રહેશે.
14. દરેક હોર્ડિંગ્સ પવન, વરસાદ, ધરતીકંપ જેવા તમામ લોડિંગને અનુરૂપ નેશનલ બિલ્ડીંગ કોડમાં સુચવ્યા મુજબની સ્ટ્રકચરલ ડિઝાઈન ધરાવતા હોવા જોઈએ.

15. સુંદરતા જળવાઈ રહે તે માટે ૨૦' X ૨૦' ની યુનિવર્સલ સાઈઝના બોર્ડો, યુનીપોલ કરવાની રહેશે એનાથી વધારે સાઈઝના બોર્ડોને યુનીપોલમાંથી મુકિત આપવી.

16. ખાનગી મિલ્કતના નિયત માર્જીન, સીપી.ઓ., સેટબેક, બાઉન્ડ્રી વોલ તેમજ ઓપન સ્પેશમાં રોડ બાજુની હદથી બે ફુટ અંદરના ભાગમાં, ઈમારતના હવા ઉજાસ અવરોધાય નહીં તે રીતે જે તે સમયે- હોર્ડિંગ્સની અમલી નીતિ મુજબ હોર્ડિંગ્સ મુકવાની પરવાનગી આપવામાં આવશે.

17. હયાત મકાન કે ઈમારતના હવા ઉજાસ અવરોધાય તે રીતે હોર્ડિંગ્સ મુકી શકાશે નહીં બોર્ડની સાઈઝ . આ વાસ્તવિકતા ને ધ્યાનમાં રાખી માન્ય કરવામાં આવશે.

18. સુચિત હોર્ડિંગ્સથી મકાન કે ઈમારતનું લાઈટ વેન્ટીલેશન બંધ થતુંઅવરોધાતું હોવાની/, મકાન રસ્તાને અંતરાયરૂપ હોવાની કે મકાનના સુંદર દેખાવ અવરોધાતો હોવા અંગેની ફરીયાદ/ આવશે અને જો ખાતાને યોગ્ય લાગશે તો તે પ્રકારના બોર્ડ મુકવાની પરવાનગી આપવામાં આવશે નહી.આપેલ પરવાનગી રદ કરવામાં આવશે/.

19. પ્લોટ બાઉન્ડ્રી અંદર મુકવામાં આવતા જાહેરાતના બાર્ડ માટે આજુબાજુમાં આવેલ જગ્યા મિલ્કત/ .તરફના ફ્રન્ટેજનો ઉપયોગ કરી શકાશે નહી

20. રોડ, ટ્રાફિક સાઈન, સિગ્નલના વિઝનમાં અંતરાયરૂપ થાય તે રીતે બોર્ડ મુકી શકાશે નહીં.

21. ઐતિહાસિક કે મહત્વની ઈમારતો, પ્રતિમાઓના વિઝનમાં અંતરાયરૂપ થાય તેવા બોર્ડ અંગે મંજુરી આપવામાં આવશે નહીં.

22. બાગ બગીચા કે વૃક્ષોથી આચ્છાદિત વિસ્તારને અડીને બોર્ડ મુકવાની પરવાનગી આપવામાં આવશે નહીં.

23. જાહેર જનતાના માનસ ઉપર વિકૃત અસર કરે તેવી જાહેરાત કે વોલ પેઈન્ટીંગની મંજુરી આપવામાં આવશે નહીં.

24. હોર્ડિંગ્સ પર પ્રદર્શિત વિષય વસ્તુ જાહેરાતના આકાર /, સ્થળ તથા રંગના કારણે અંધિકૃત ટ્રાફિક સાઈન કે સિગ્નલ સાથે ગુંચવણો ઉત્પન્ન કરે તેવી જાહેરાતો પ્રસિધ્ધ કરી શકાશે નહીં.

25. રાહદારી" વાહન ચાલકને ગેરમાર્ગે દોરી ગુંચવણો ઉત્પન્ન કરે તેવા/STOP", "LOOK", "DANGER" કે આવા પ્રકારના અન્ય શબ્દ ધરાવતી જાહેરાતો પ્રસિધ્ધ કરી શકાશે નહી.

26. "PUBLIC RIGHT OF WAY " માં જાહેરાતો પ્રસિધ્ધ કરી શકાશે નહીં.

27.જે જમીનમિલ્કત ઉપરના હયાત બોર્ડ/, એજન્સી અથવા મિલ્કત માલિક ધ્વારા કોઈપણ કારણસર ઉતારી લેવામાં આવે તેવી જમીનમિલ્કત પર નવા/ બોર્ડની પરવાનગી છ માસની મુદત સુધી (૬) .આપી શકાશે નહી

28.સરકારી, મ્યુ. મિલ્કત કે મ્યુ સ્ટ્રીટ લેન્ડ ઉપરના હયાત ટેન્ડર સાઈટવાળા બોર્ડ સંબંધે અને ભવિષ્યમાં. નવી ટેન્ડર સાઈટ નકકી કરવાના, કોપોરેશનના હકકને બાધ ન આવે તે શરતે અથવા આ અંગે વાંધો નહી લેવાની શરતે બોર્ડ મુકવાની પરવાનગી આપવામાં આવશે.

29.કમિશનરશ્રી કોઈપણ કારણસર આપેલા પરવાના રદ કરવાના હકકદાર રહેશે.

ઉપરોકત નીતિ નિયમો અંગે કોઈ વિવાદ ઉપસ્થિત થાય અથવા કોઈ નવા મુદ્દા ઉપસ્થિત થાય તો તે અંગે નિર્ણય કરવાની સત્તા કમિશનરશ્રીને સુપ્રત કરવાનું તથા તેમનો નિર્ણય તમામ સંબંધકર્તાઓને બંધનકર્તા રહેશે.

## (C)

## વિવિધ ખાનગી મિલકતો ઉપર તેમજ અન્ય ખાનગી જગ્યાઓ પર જાહેરાતના હોર્ડીંગસ માટે રસ્તા પ્રમાણેની યાદી તથા સુચિત અંદાજિત જાહેરાત ફી

| અનુ નં | વિસ્તાર / રોડ | વાર્ષિક અંદાજિત સુચિત જાહેરાત ફી ના દર પ્રતિ (ચો. મી ) |
|---|---|---|
| ૧ | જુનાથાણા થી કાલીયાવાડી થઈ ગ્રીડ રોડ | રૂ. ૨૫૦૦/- |
| ૨ | જુનાથાણા થી લુન્સીકુઈ થઈ ઇટાળવા | રૂ. ૨૫૦૦/- |
| ૩ | પૂર્ણા નદી ના બ્રિજ થી ટાટા બૉયસ સ્કૂલ થઈ જુનાથાણા | રૂ. ૨૦૦૦/- |
| ૪ | (પશ્ચિમ બાજુ) રેલવે સ્ટેશન થી લીમડા ચોક થઈ બોદાલી ગામ તરફ જતો રોડ તથા રેલવે સ્ટેશન થી એરુ ચાર રસ્તા સુધી નો રોડ | રૂ. ૨૦૦૦/- |
| ૫ | એરુ ચાર રસ્તા થી છાપરા ચાર રસ્તા થઈ ઇટાળવા | રૂ. ૨૦૦૦/- |
| ૬ | આશાપુરી થી સુશ્રુષા સર્કલ<br>સુશ્રુષા સર્કલ થી માણેકલાલ રોડ<br>સુશ્રુષા સર્કલ થી વિઠ્ઠલ મંદિર સુધી નો રોડ | રૂ. ૨૫૦૦/- |
| ૭ | સ્ટેશન થી સાંઢકુવા રોડ | રૂ. ૨૫૦૦/- |
| ૮ | સાંઢકુવા થી આશાનગર થી મંકોડીયા થઈ વલ્લભ એસ્ટેટ સુધી | રૂ. ૨૫૦૦/- |
| ૯ | સાંઢકુવા થી કુવારા થઈ ટાવર સુધી નો રોડ | રૂ. ૨૫૦૦/- |
| ૧૦ | ટાવર થી જૂનાથાણાં રોડ | રૂ. ૨૫૦૦/- |

| | | |
|---|---|---|
| ૧૧ | ટાટા બૉયસ સ્કૂલ થી ટાવર રોડ થઈ શહીદચોક<br>થી વલ્લભ એસ્ટેટ સુધી નો રોડ | રૂ. ૨૦૦૦/- |
| ૧૨ | વલ્લભ એસ્ટેટ થી છાપરા ચાર રસ્તા થઈ હાંસપોર રોડ | રૂ. ૨૫૦૦/- |
| ૧૩ | એરુ બ્રિજ થી હાંસપોર ગામ તરફ જતો રોડ | રૂ. ૨૦૦૦/- |
| ૧૪ | દાબુ હોસ્પિટલ ના ટેકરા થી લઈ ને શાંતદેવી માર્કેટ થઈ રેલવે<br>સ્ટેસન ડાઇમન્ડ સર્કલ સુધી નો રોડ | રૂ. ૨૦૦/- |
| ૧૫ | શહીદ ચોક થી બસ ડેપો સુધી નો રોડ<br>સયાજી લાઇબ્રેરી થી પ્રજાપતિ આશ્રમ સુધી નો રોડ | રૂ. ૨૦૦૦/- |
| ૧૬ | વાજપાઈ ઉધયાન રોડ<br>અગ્રવાલ કોલેજ રોડ<br>તીઘરા જકાત નાકા થી તીઘરા ગામ સુધી જતો રોડ | રૂ. ૨૫૦૦/- |
| ૧૭ | ગ્રીડ ( N.H.48 ) થી ધારાગીરી પૂર્ણા નદીના બ્રિજ સુધી નો રોડ | રૂ. ૨૦૦૦/- |
| ૧૮ | સાંઢકૂવા થી ચાંદની ચોક થઈ મહાનગરપાલિકા સુધીનો રોડ | રૂ. ૨૦૦૦/- |
| ૧૯ | નવસારી મહાનગરપાલિકા હદ વિસ્તારના અન્ય રોડ | રૂ. ૨૦૦૦/- |

નોંધ -

(૧) ટ્રસ્ટ/ શૈક્ષણિક સંસ્થા, હોસ્પિટલ, ધાર્મિક સંસ્થાઓ, સરકારી તેમજ અર્ધસરકારી તંત્ર માટે ઉપયોગમાં લેવાતી જગ્યાઓની તથા અન્ય જાહેર હેતુ માટેની સંસ્થાઓની જગ્યાઓમાં કોઈપણ હેતુ માટે ઉભા કરવામાં આવતા તમામ જાહેરાતના બોર્ડની જાહેરાત ફી ઉપરોકત જાહેરાત ફીના ૨૫% લેખે વસુલ લેવાની રહેશે.

(૨) બિન ધંધાકીય હેતુ માટેના હોર્ડિંગ્સ માટે ઉકત નિયત જાહેરાત ફીના ૧૦% (દસ ટકા) લેખે જાહેરાત ફી વસુલ લેવાની રહેશે.

(૩) ઉપરોકત દરો સામાન્ય હોર્ડિંગ્સ માટેના રહેશે. જયારે ઈલેકટ્રોનીક તથા નીયોન તેમજ કમ્પ્યુટરાઈઝડ ડિસ્પલે/ જાહેરાત/ હોર્ડિંગ્સ માટે ઉપરોકત સામાન્ય દરના બે ગણા (Double) દર નિયત કરવામાં આવે.